નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ તા.૦૨.૦૧.૧૭ ના રોજ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલઝોન, સુરત ખાતેથી સવારે ૯-૩૦ કલાકે મોબાઈલ કોર્ટ ( હેલ્થ અને સેનીટેશન ) નું પ્રસ્થાન મા.મેયરશ્રી અસ્મિતાબેન શિરોયા, મા.ડે.મેયરશ્રી, શંકરલાલ ચેવલી, આરોગ્ય ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, મા.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરતના મા.મુખ્ય જિલ્લા ન્યાયાધીશ કુ.ગીતાબેન ગોપી, મા.જ્યુ.મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ સુરત મ્યુનિ.કોર્ટના શ્રીવી.કે.બંસલ, મોબાઈલ કોર્ટ (હેલ્થ અને સેનીટેશન)ના મા.જ્યુ.મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ શ્રી એસ. બી.ચૌહાણ તથા અન્ય મહાનુભાવો દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવેલ હતું.

૧૬૦૦

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ તથા ડે.મ્યુ.કમિશ્નરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૩, નોંધ નં.૫૪૮–૫૪૯ વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતાં અત્રેથી મિલ્કતદારને તા.૦૨/૦૧/૧૭ ના રોજ એન્ટ્રી નોટીસ આપી ગ્રા.ફલોર પર આશરે ૧૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ દિવાલનું ચણતરકામ સહિતનું ગેરકાયદેસર બાંધકામ આજે તા.૦૨/૦૧/૧૭ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. વહીવટી ચાર્જ પેટે રૂા.૨૦,૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે.

૧૬૦૧

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૨.૦૧.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૨** ફાઈલના **રૂા.૦.૦૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૧૦ લોકેશન (ખાડા) ૬૪૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૪૩.૫૬** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૫** લોકેશન (ખાડા) **૧૭૫.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૩** લોકેશન, **૧૮૮૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), ભીડી બજાર રોડ હયાતનગર સોસાયટીમાં રોડ પૈકીની જગ્યામાં પ્લોટ નં.૧૮ થી ૩૦ ખાતે ૧૫૦ ચો.ફુટ કાચા પાકા મકાનોનું ડીમોલીશન કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૩,** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૧૬** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૨૭૪** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૦૫.૭૩** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧.૮૮** લાખ થયેલ છે., **૧૩** EC તથા **૧૨** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૯,૧૬૨**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૬૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**., ૧૦૧** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૬** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૬** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટઃ **૨૧૧.૧૨૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૩૭** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૫૦૦**/– છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦૫૮૧** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૪૬૭૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૫૨** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૨૮૯** કરવામાં આવેલ છે. જયારે **૨૮** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫,૪૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૬૦૨

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૨/૦૧/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), ભીંડી બજાર રોડ હયાત નગર સોસાયટીની રોડ પૈકીની જગ્યામાં પ્લોટ નં.૧૮ થી ૩૦ ખાતે ૧૫૦ ચો.ફુટ કાચા પાકા મકાનોનું ડીમોલીશન કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

ઉપરોક્ત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીક્યુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૬૦૩

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૦૧/૦૧/૧૭ થી તા.૧૪/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૧/૦૧/૧૭નાં રોજ **"પોન્ગલ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૨/૦૧/૧૭ના રોજ મ્યુ.વેજીટેબલમાર્કેટ, ટેક્ષટાઈલમાર્કેટના હોદ્દાદારો, પ્રમુખ, સેક્રેટરી, સખીમંડળના સભ્યો તથા નગરજનોના સહયોગથી વર્કશોપનું આયોજન કરી સ્વચ્છતાના શપથ ઝોન લેવલે લેવડાવવાનો કાર્યક્રમ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૨/૦૧/૧૭નાં રોજ ઝોન લેવલે વર્કશોપ/ક્રાર્યક્રમનું આયોજન કરી મ્યુ.વેજીટેબલ માર્કેટ, ટેક્ષટાઈલ માર્કેટના હોદ્દાદારો, સખીમંડળ, આરોગ્યવિભાગ તેમજ નાગરીકોની સંયુકત ટીમો બનાવી આજુબાજુ ધનીષ્ઠ સફાઈ કામગીરી કરાવી તેમજ કામગીરીમાં ભાગ લીધેલ તમામ વ્યકિતઓને સ્વચ્છતા બાબતે શપથ લેવડાવવામાં આવ્યા હતા.

| મ્યુ.વેજીટેબલ માર્કેટ/ટેક્ષટાઈલ માર્કેટ | સખીમંડળ/નગરજનો | શપથ લેનાર કર્મચારી/મહાનુભવો/નાગરીકો | સુપરવાઈઝર |
|---|---|---|---|
| 41 | 187 | 512 | 30 |

વધુમાં સ્વચ્છતા ઝુંબેશમાં ભાગ લેનાર નાગરીકોને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૬૦૪

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૦૧/૦૧/૧૭ થી તા.૧૪/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૧/૦૧/૧૭નાં રોજ **"પોન્ગલ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૩/૦૧/૧૭ના રોજ મ્યુ.વેજીટેબલ માર્કેટ/મટન માર્કેટની પ્રિમાઈસીસ અંદર તથા બહારનાં ભાગે ઘનિષ્ટ સફાઈ ઝુંબેશ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૩/૦૧/૧૭નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ મ્યુ.વેજીટેબલ માર્કેટ, મટન માર્કેટની પ્રિમાઈસીસની અંદર તથા બહારના ભાગે ધનિષ્ઠ સફાઈ કામગીરી કરાવી કચરો કચરા મિશ્રીત માટીનાં ૯ ગલાઓનો નિકાલ કરાવી જંતુનાશક પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| મ્યુ.વેજીટેબલમાર્કેટ /ટેક્ષટાઈલ માર્કેટ | સફાઈ ઝુંબેશમાં ભાગ લેનાર | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક પાવડર(કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| | કર્મચારી/મહાનુભવો/નાગરીકો | સુપરવાઈઝર | કામદાર | | |
| 34 | 236 | 14 | 42 | 0.954 | 180 |

વધુમાં સ્વચ્છતા ઝુંબેશમાં ભાગ લેનાર નાગરીકોને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૬૦૫

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોન વિસ્તારમાં લંબે હનુમાન સેનીટેશન વોર્ડ ઓફિસ : વોર્ડ નં.૧૪–જે ખાતે ફરજ બજાવતા સેનેટરી ઈન્સ્પેકટર  શ્રી એન. એસ. રાણા (કર્મ.નં. ૧૯૬૭૦) તથા સેનેટરી સબ ઈન્સ્પેકટર શ્રી એસ. કે. પટેલ (કર્મ.નં. ૩૪૩૮૧) ને પોતાના વોર્ડમાં આવતા વિસ્તારની સફાઈ કામગીરી સંતોષકારક ન હોય, કામદારોની હાજરી પુરવામાં ગેરરીટી કરેલ હોવાનું જણાય આવેલ હોય તેમજ ખાનગી ટ્રેકટરો ઉપર ઈજારદારે પોતાના કામદારો રાખવાના હોવા છતાં,  સુ.મ.પા.ના તાલીમાર્થી સફાઈ કામદારોને ટ્રેકટરો ઉપર ફરજ સોંપવા અંગેની ગેરરીટી કરેલ હોય, આજરોજ તેઓને ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવ્યા. વધુમાં સેનેટરી સબ ઈન્સ્પેકટર શ્રી ડી. જે. ગુર્જર (કર્મ.નં.૧૯૭૩૫) ને ઉકત કામગીરીમાં ગેરરીટી બદલ ચાર્જશીટ આપવામાં આવેલ છે.

૧૬૦૬

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૩.૦૧.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૪** ફાઈલના **રૂા.૦.૪૭ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૯ લોકેશન (ખાડા) ૪૭૮.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૩૪.૪૨** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૦૯ લોકેશન (ખાડા) **૩૦૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૧૯૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના) સોનલ શાક માર્કેટ, પાંડેસરા પાસેથી ૦૪ લારીઓનું દબાણ દુર કરવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૬૭** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૫૭** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૯.૫૮** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧.૬૯** લાખ થયેલ છે., **૧૨** EC તથા ૦૯ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩,૯૫૨/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૭૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.,** **૪૯** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૩** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૮** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૨૦.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૩૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૪,૨૦૦/–** છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૩૯૮** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૮૭૬૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૯૪** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૨૮** કરવામાં આવેલ છે. જયારે **૨૦** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૯૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૬૦૭

# પ્રેસ નોટ

સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ નં. યુએલસી–૧૦–૨૦૧૫–૧૨૭–વ.૧, તા.૨૦–૦૨–૨૦૧૫ થી શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ–૧૯૭૬ હેઠળ સંપાદન થયેલ જમીન પૈકીની મોજેઃ ભરથાણા–વેસુ, તા.મજુરા સુરત સીટીના જુના સ.નં. ૪૭/૧ પૈકીની ૯૫૮૩.૨૧ ચો.મી. જમીન શહેરી ગરીબોને રહેણાંકના હેતુસર સુવિધાપૂર્ણ આવાસો બનાવવા સારૂ ફાળવવાના હેતુસર શહેર વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને હવાલે મુકવા સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ. જે અન્વયે કલેકટરશ્રી, સુરતના તા.૨૯/૧૦/૧૫ના હુકમથી ઉકત મુજબની યુ.એલ.સી. હેઠળ ફાજલ જગ્યા સુરત મહાનગરપાલિકાને ફાળવવા હુકમ કરવામાં આવેલ.જે અન્વયે ટાઉન પ્લાનીંગ વિભાગ ધ્વારા સદર યુ.એલ.સી. હેઠળ ફાજલ થયેલ જમીનનો કબ્જો સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા સઘન પ્રયત્નો હાથ ધરાયેલ. સરકારી જગ્યાના મહત્વના પેન્ડીંગ પ્રશ્નોની ચર્ચા માટે યોજાયેલ મીટીંગમાં પણ કમિશ્નરશ્રી તથા કલેકટરશ્રીની સદર મુદ્દા બાબતે ચર્ચા થયેલ. જેમાં કમિશ્નરશ્રીની રજુઆત અન્વયે કલેકટરશ્રીએ સંબંધિતને સુરત મહાનગપરાલિકાને તાકીદે કબ્જો સુપ્રત કરવા સૂચના આપેલ. આમ, કલેકટરશ્રીના સકારાત્મક અભિગમ અને ટાઉન પ્લાનીંગ વિભાગના સતત ફોલોઅપને કારણે ઉધના–મગદલ્લા રોડ પર સ્થિત મહત્વની આશરે ૧૨૦ કરોડથી વધુ કિંમત ધરાવતી સદર જગ્યા તા.૦૩–૦૧–૨૦૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાને પ્રાપ્ત થયેલ છે. આ અગાઉ પણ યુ.એલ.સી. હેઠળ ફાજલ થયેલ મોજે રૂંઢ રે.સ.નં. ૫૨ પૈકી ૨૮,૧૨૮ ચો.મી. જગ્યા સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રાપ્ત કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા સદર કબ્જો મળેલ જગ્યા પર શહેરી ગરીબો માટે તાકીદે આવાસોનુ આયોજન કરી, આવાસો તૈયાર કરી, ગરીબોને સરકારશ્રીના પ્રર્વતમાન નીતિ નિયમો અનુસાર આવાસો ફાળવવામાં આવશે.

૧૬૦૮

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૪.૦૧.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ઘ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૨** ફાઈલના **રૂા.૦.૦૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૪ લોકેશન (ખાડા) ૩૬૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૨૪.૩૫** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૦૮ લોકેશન (ખાડા) **૫૬૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૧૫૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના) પિયુષ પોઈન્ટ થી અલથણ ખાડી પાસેથી **૦૫** લારીઓનું દબાણ દુર કરવામાં આવેલ. તેમજ આગામી યોજાનાર "સેવા સેતુ" કાર્યક્રમ, પાંડેસરાના આજુબાજુના વિસ્તારમાંથી દબાણ દુર કરવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૩,** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ઘ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૩૬** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૨૭૪** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૫.૭૩** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ઘ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૩.૭૯** લાખ થયેલ છે., **૦૮** EC તથા **૦૭** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૮,૨૩૦**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૬,૫૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**., ૧૯૧** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૭** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ઘ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૫** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૪૦.૪૯૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૩** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૫૦૦**/– છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ઘ્વારા** કુલ : **૧૨૨૧૩** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૮૨૭૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૬૮** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૦૫** કરવામાં આવેલ છે. જયારે **૫૧** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૮૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૬૦૯

# <u>પ્રેસ નોટ</u>

# પતંગ પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત દ્વારા 'ઉત્તરાયણ' નિમિત્તે પતંગ પ્રદર્શનનું સાયન્સ સેન્ટર સુરત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમના પ્રથમ માળ ખાતે તા. ૭ જાન્યુઆરી થી ૧૭ જાન્યુઆરી, ૨૦૧૭ સુધી સદર પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. સદર પ્રદર્શન તા. ૭ જાન્યુઆરી ના રોજ જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવેલ છે. સદર પ્રદર્શન સમય તા. ૭, ૮ અને ૧૫ જાન્યુઆરીના રોજ સવારે ૧૧:૩૦ કલાકથી સાંજે ૬:૩૦ સુધી તથા તા. ૧૦ થી ૧૩ અને ૧૭ જાન્યુઆરીના રોજ સવારે ૦૯:૩૦ કલાકથી સાંજે ૪:૩૦ કલાક સુધી નિહાળી શકાશે. તા. ૯, ૧૪ અને ૧૬ જાન્યુઆરી ના રોજ પ્રદર્શન જાહેર જનતા માટે બંધ રહેશે.

# પ્રેસનોટ

## "સેવાસેતુ"

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૦૬/૦૧/'૧૭ ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન **વોર્ડ.નં.-૨૮-(બમરોલી), કૈલાશનગર, બી.આર.ટીએસ. ચાર રસ્તા, ઈશ્વરનગરની સામે, બમરોલી, સુરત ખાતે** સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના , સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

१६११

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૦૫/૦૧/૨૦૧૭

## પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ પુણા વિસ્તારમાં ફેન્સીંગ દુર કરવાની કામગીરી


પ્રિ.ટી.પી. સ્કીમ નં.૧૧(પુણા) વિસ્તારમાં આવેલ સત્યનારાયણ સોસાયટીની ખાડી ઉપર કિરણપાર્ક સોસાયટી તરફ જતાં રસ્તા પર ખાડીના કિનારે બનાવેલ ચેઈનલીંક ફેન્સીંગ ડ્રેનેજ વિભાગ ધ્વારા નાંખવામાં આવનાર ડ્રેનેજ લાઈનની કામગીરીમાં નડતરરૂપ હોય, આજરોજ વરાછા ઝોન ધ્વારા પોલીસ બંદોબસ્ત સહિત દુર કરવા માટેની કામગીરી શરૂ કરેલ હતી. કિરણપાર્ક સોસાયટીના પ્રમુખશ્રી/સભ્યો, મહીલાવર્ગ ધ્વારા ઉગ્ર વાદવિવાદ કરી પોલીસ સ્ટાફ અને વરાછા ઝોનના કર્મચારી સ્ટાફ સાથે ઉગ્ર ઘર્ષણ થયેલ હતું સદરહુ કાર્યવાહી દરમ્યાન સોસાયટીના સભ્યો તથા મહીલાઓ ધ્વારા પોલીસ સ્ટાફ અને ઝોનના સ્ટાફ ઉપર પથ્થરમારો શરૂ કરવામાં આવેલ હતો. તે અન્વયે સ્થળ પર હાજર પોલીસ ઈન્સ્પેકટર ધ્વારા મહીલા કોન્સ્ટેબલ મારફત બંદોબસ્ત રાખી અત્રેથી ખાડી કિનારે આવેલ ચેઈનલીંક ફેન્સીંગ દુર કરવાની કાર્યવાહી પૂર્ણકરવામાં આવેલ છે અને ડ્રેનેજ વિભાગને કબ્જો સુપ્રત કરી ડ્રેનેજ લાઈન નાંખવા માટે જણાવવામાં આવેલ છે.

કિરણ પાર્ક સોસાયટીના પ્રમુખ/સભ્યો અને મહીલાઓ ધ્વારા કરવામાં આવેલ ઉગ્ર ઘર્ષણના ફોટોગ્રાફસ આ સાથે સામેલ છે.

ઉકત કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ ડે.ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસ વિભાગ, દબાણ વિભાગ તથા પોલીસ બંદોબસ્ત સહિત પાર પાડવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં...1611.........
તા.૦૫/૦૧/૨૦૧૭


Kiran park
05-01-2017


Kiran park
05-01-2017

૧૬૧૨

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૦૧/૦૧/૧૭ થી તા.૧૪/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૧/૦૧/૧૭નાં રોજ **"પોન્ગલ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૪/૦૧/૧૭ના રોજ મ્યુ.વેજીટેબલ માર્કેટ, સુકો/ભીનો કચરો અલગ કરી સેગ્રીગેશન કરાવી અલગ–અલગ ડસ્ટબીન રાખવા માટેની ઝુંબેશ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૪/૦૧/૧૭નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ માર્કેટોનાં હોદ્દાદારો, પ્રમુખ સેક્રેટરી, સખીમંડળના સભ્યો તથા નગરજનોની સંયુકત ટીમો બનાવી દરેક મ્યુ.વેજીટેબલ માર્કેટોનાં સ્ટોલ ધારકો/પાથરણાઓ દ્વારા સુકો/ભીનો કચરાનું વર્ગીકરણ કરાવ્યાબાદ જુદાજુદા ડસ્ટબીનમાં કચરો નાખવવાની કામગીરી કરાવવામાં આવી હતી ત્યારબાદ દરેક વેજી.માર્કેટમાં સઘન સફાઈ કામગીરી કરાવી જંતુનાશક પાઉડરનો છંટકાવ કરાવવામાં આવ્યો હતો.

| વેજીટેબલ માર્કેટ | ભીનો અને સુકો કચરો માટે અલગ અલગ ડસ્ટબીનની સમજણ આપવામાં આવેલ સ્ટોલ ધારક/પાથરાણાઓની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર |
|---|---|---|---|
| 37 | 992 | 44 | 87 |

વધુમાં સ્વચ્છતા ઝુંબેશમાં ભાગ લેનાર નાગરીકોને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૬૧૩

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૫.૦૧.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૬** ફાઈલના **રૂા.૦.૩૩ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૫ લોકેશન (ખાડા) ૩૩૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૨૨.૯૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–**૦૬** લોકેશન (ખાડા) **૨૭૫.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૨૧૭૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના) ઉધના એકેડેમી સ્કુલ, સુરત નવસારી રોડ પાસેથી **૦૨** લારીઓનું દબાણ દુર કરવામાં આવેલ. તથા **રૂા.૧,૨૦૦**/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ., સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), ભીડી બજાર રોડ હયાત નગર સોસાયટીની રોડ પૈકીની જગ્યામાં પ્લોટ નં.૧ થી ૧૦ ખાતે **૩૦૦૦ ચો.ફુટ** પાકા મકાનોનું ડીમોલીશન કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૫૮** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૬૪** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૭.૩૭** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૨.૧૭** લાખ થયેલ છે., **૧૩** EC તથા **૧૨** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૫,૩૩૪**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૭૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**.**, **૧૫૨** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૭** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૨** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૨૭.૨૩૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૩** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૩,૬૦૦**/– છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૩૨૬૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૩૦૬૭૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૯૪** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૬૯** કરવામાં આવેલ છે. જયારે **૩૭** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૬૧૪

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૫/૦૧/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), ભીંડી બજાર રોડ હયાત નગર સોસાયટીની રોડ પૈકીની જગ્યામાં પ્લોટ નં.૧ થી ૧૦ ખાતે ૩૦૦૦ ચો.ફુટ પાકા મકાનોનું ડીમોલીશન કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૬૧૫

પ્રેસનોટ

"સેવાસેતુ"

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૦૭/૦૧/૧૭ ને શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન **વોર્ડ.નં.-૦૭-(કતારગામ-વેડ), કતારગામ ઝોન ઓફીસ, ગજેરાસ્કુલની પાછળ, કતારગામ, સુરત ખાતે** સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના , સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,
સમાચાર યાદી નં. 1615
તા.૦૬/૦૧/'૧૭.

૧૬૧૬

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૩૦/૧૨/૨૦૧૬ થી તા.૦૫/૦૧/૨૦૧૭ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૪૩,૦૬૮/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૭,૨૬૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૯૭.૫૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૨૮.૫૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૧૨૮ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૮૪,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૧૧ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૨૪,૮૮૫ અને ૯,૭૦૨ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૩,૧૯,૦૮૦/– અને રૂા.૩,૫૨,૯૮૦/– રકમ મળી કુલ રકમ રૂા.૬,૭૨,૦૬૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

૧૬૧૭

# પ્રેસનોટ – સેવાસેતુ

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા.૦૬/૦૧/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન કૈલાસનગર બી.આર.ટી.એસ. ચાર રસ્તા, ઈશ્વરનગરની સામે, સુરત ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમમાં મજુરા વિધાનસભાના ધારાસભ્યશ્રી હર્ષભાઈ સંઘવી પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ કે ગુજરાત સરકાર દ્વારા સેવાસેતુ કાર્યકમ થકી ૩૧ડીસેમ્બર ૨૦૧૬ સુધી રાજયમાં ૩૫ લાખથી વધુ લાભાર્થીઓને વિવિધ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. સુરત મહાનગર પાલિકા દ્વારા પણ સેવાસેતુ કાર્યક્રમોનુ સુવ્યવસ્થિત આયોજન કરી પ્રશંસનિય કામગીરી કરવામાં આવી રહી છે. વધુમાં ધારાસભ્યશ્રીએ લાભથી વંચિત લોકો સુધી લાભ પહોંચે તે માટે માધ્યમ બનવા અપીલ કરી હતી.

શાસક પક્ષના નેતા શ્રી ગિરીજાશંકર મિશ્રાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યુ કે ગરીબ વ્યકિતને મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા પંડિત દિનદયાળ ઉપાધ્યાયના જન્મ–શતાબ્દિ વર્ષને 'ગરીબ કલ્યાણ વર્ષ' તરીકે ઉજવણીના ભાગરૂપે રાજય સરકાર દ્વારા 'સેવાસેતુ કાર્યક્રમ'ના રૂપે જરૂરીયાતમંદ લોકોના દ્વાર પર જઈ તેમને લાભ પુરા પાડવાનો આ પ્રશંસનિય પ્રયાસ છે. વધુમા તેઓએ જણાવ્યુ કે લોકોને પ્રમાણપત્ર મેળવવામાં કે પ્રમાણપત્રના કારણે કોઈ યોજનાના લાભ મેળવવામાં મુશ્કેલી ન પડે તે માટે સુરત મહાનગર પાલિકા સતત ચિંતિત છે તથા લોકોને મદદ કરવા તૈયાર છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં માનનીય મેયરશ્રી અસ્મિતાબેન શીરોયા, ધારાસભ્યશ્રી ઝંખનાબેન પટેલ, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈ, શહેર ભાજપ ઉપાધ્યક્ષ શ્રી છોટુભાઈ પાટીલ, મ્યુ. કમિશનરશ્રી એમ. થેન્નારસન, ડે.મ્યુ. કમિશનરશ્રી એમ. નાગરાજન તેમજ મ્યુ. સદસ્યશ્રીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા કુલ ૫૬ ટેબલ અને ૧૫ કાઉન્ટર ગોઠવી જેમાં દિવસ દરમ્યાન કુલ ૨૫૪૧ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.






સુરત મહાનગરપાલિકા

૧૬૧૮

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૦૧/૦૧/૧૭ થી તા.૧૪/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૧/૦૧/૧૭નાં રોજ **"પોન્ગલ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૫/૦૧/૧૭ના રોજ ખાનગી ટેક્ષટાઈલ માર્કેટ તથા શોપીંગ મોલની અંદર તેમજ બહારનાં ભાગે સફાઈ ઝુંબેશ તથા સેગ્રીગેશન તથા અલગ ડસ્ટબીન રાખવા માટેની ઝુંબેશ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૫/૦૧/૧૭નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ મ્યુ/ખાનગી માર્કેટો તેમજ શોપીંગ મોલનાં હોદ્દાદારો, પ્રમુખ સેક્રેટરી, સખીમંડળના સભ્યો, આરોગ્ય વિભાગ તથા નગરજનોની સંયુકત ટીમો બનાવી દરેક મ્યુ/ખાનગી માર્કેટો તથા શોપીંગ મોલની અંદર તેમજ બહારનાં ભાગે ઘનીષ્ઠ સફાઈ ઝુંબેશ કરાવ્યા બાદ તેમની સંસ્થાઓમાંથી નીકળતો ભીનો/સુકો કચરાનું વર્ગીકરણ કરાવી તેને અલગ અલગ ડસ્ટબીનમાં કચરો રાખવા માટેનું સુચના અને સમજ આપવમાં આવેલ હતી.

| માર્કેટ/ટેક્ષટાઈલ/ શોપીંગ મોલ | ડસ્ટબીન ઝુંબેશમાં ભાગ લેનાર | | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક પાવડર(કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| | સ્ટોલ ધારકો | નાગરીકો | સુપરવાઈઝર | કામદાર | | |
| 60 | 204 | 332 | 28 | 66 | 1.110 | 157 |

વધુમાં સ્વચ્છતા ઝુંબેશમાં ભાગ લેનાર નાગરીકોને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૬૧૯

# પ્રેસનોટ

## તા.૦૬/૦૧/૨૦૧૭

સુરત મહાનગર પાલિકા ધ્વારા વિવિધ ખાતા/ઝોનના ટેકનીકલ કેડરના વર્ગ–૧ થી ૩ નાં અધિકારીશ્રી/કર્મચારીઓ માટે ઈન્ડીયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સીલ, સુરત ચેપ્ટરના સહયોગથી ''ગ્રીન બિલ્ડીંગ્સ કન્સેપ્ટ'' ના વિષય ઉપર તા.૦૭/૦૧/૧૭ ના રોજ સંજીવકુમાર ઓડીટોરીયમ ખાતે તાલીમ સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. આ તાલીમ સેમિનારમાં ઈન્ડીયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સીલના વિષય નિષ્ણાંત તજજ્ઞો ધ્વારા તાલીમ આપવામાં આવશે.

વિશ્વ તેમજ ભારત દેશમાં પણ પર્યાવરણ તેના રક્ષણ અને કલાયમેટ ચેન્જ વિગેરે ઉપર વિશ્વનાં તમામ દેશો વધુ ભાર આપી રહયા છે અને આવનાર દિવસોમાં આ વિષય વિકરાળ સ્વરૂપ ન ધારણ કરે તે આશયથી ભારત સરકાર તેમજ ગુજરાત રાજય ધ્વારા પણ મહાનગર અને નગરોમાં પણ ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટને વધુ પ્રાધાન્ય આપી રહી છે. સુરત મહાનગર પાલિકા પણ આ દિશામાં વધુ એક સોપાન તરીકે મહાનગરપાલિકાના ટેકનીકલ સ્ટાફ ધ્વારા નગરજનોને આ બાબતે વધુ માહિતગાર કરી તે દિશામાં લેવા પાત્ર વિવિધ પગલાંની જાણકારી આપે તે આશયથી આ તાલીમ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટ્રેનીંગથી શહેરના નાગરિકો પોતાના ઘરો, એપાર્ટમેન્ટો વિવિધ રહેણાંકો વિગેરેમાં પણ ગ્રીન પ્રોજેકટ ધ્વારા કુદરતી વાતાવરણોનું અહેસાસ કરે અને તે રીતે શહેરમાં થતા પ્રદુષણમાં ઘટાડો લાવી શકાય તેવા હેતુસર અધિકારી/કર્મચારી ધ્વારા નાગરિકોને માહિતગાર કરી પ્રોત્સાહન આપવા માટેનો આ પ્રયાસ રહેશે.

૧૬૨૦

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૬/૦૧/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), રેશમા નગર સોસાયટીની રોડ પૈકીની જગ્યામાં ૩૦૦૦ ચો.ફુટ કાચા પાકા મકાનોનું ડીમોલીશન કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૬૨૧

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૬.૦૧.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૧** ફાઈલના **રૂા.૦.૦૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૯ લોકેશન (ખાડા) ૬૪૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૪૨.૭૨** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૬** લોકેશન (ખાડા) **૧૭૫.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૨૨૭૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), રેશ્મા નગર સોસાયટીની રોડ પૈકીની જગ્યામાં **૩૦૦૦ ચો.ફુટ** કાચા પાકા મકાનોનું ડીમોલીશન કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૩,** પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.**૦/– વસુલ લેવામાં આવેલ., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૩.૩૬** લાખ થયેલ છે., **૪૨** EC તથા **૧૮** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૪,૫૪૩**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.**૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે**.,** ૯૬ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૪૧** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૬** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૨૬.૩૧૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૧૪** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.**૬,૮૦૦/– છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૩૦૯૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૯૫૬૫** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૮૬ છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૫૯૬** કરવામાં આવેલ છે. જયારે **૪૪** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૦૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૬૨૨

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગર પાલિકા ધ્વારા ઈન્ડીયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સીલ, સુરત ચેપ્ટરના સહયોગથી ''ગ્રીન બિલ્ડીંગ્સ કન્સેપ્ટ'' ના વિષય ઉપર આપવામાં આવેલ તાલીમ

સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ખાતા/ઝોનના ટેકનીકલ કેડરના વર્ગ–૧ થી ૩ નાં અધિકારીશ્રી/કર્મચારીઓ માટે ઈન્ડીયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સીલ, સુરત ચેપ્ટરના સહયોગથી ''ગ્રીન બિલ્ડીંગ્સ કન્સેપ્ટ'' ના વિષય ઉપર તા.૦૭/૦૧/૨૦૧૭ ના રોજ સંજીવકુમાર ઓડીટોરીયમ ખાતે બે સેશનમાં તાલીમ સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ તાલીમ સેમિનારમાં ઈન્ડીયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સીલના વિષય નિષ્ણાંત તજજ્ઞો દ્વારા સુરત મહાનગરપાલિકાના ટેકનીકલ વર્ગના અધિકારીઓ/કર્મચારીઓ માટે ગ્રીન બિલ્ડીંગ કન્સેપ્ટ ઉપર જરૂરી તાલીમ/માર્ગદર્શન આપવામાં આવેલ. આ તાલીમ શિબિરમાં મુખ્યત્વે શહેરના નાગરિકો પોતાના ઘરો, એપાર્ટમેન્ટો વિવિધ રહેણાંકો વિગેરેમાં પણ ગ્રીન પ્રોજેકટ દ્વારા કુદરતી વાતાવરણોનું અહેસાસ કરે અને તે રીતે શહેરમાં થતા પ્રદુષણમાં ઘટાડો લાવી શકાય તેવા હેતુસર તાલીમમાં હાજર અધિકારી/કર્મચારી દ્વારા નાગરિકોને માહિતગાર કરી પ્રોત્સાહન આપવા માટેનું જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

આ તાલીમ શિબિરનું મા. મેયરશ્રી શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, મા.ડે.મેયરશ્રી શંકરભાઈ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજેશભાઈ દેસાઈ, શાસકપક્ષના નેતા શ્રી ગિરીજાશંકર મિશ્રા, મ્યુનિ.કમિશ્નરશ્રી એમ. થેન્નારસન, ઈન્ડીયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સીલ, સુરત ચેપ્ટરના કો–ચેરમેન શ્રી સ્નેહલ શાહ તથા અન્ય મહાનુભાવોનાં વરદ હસ્તે દિપ પ્રાગટય કરી શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સૌપ્રથમ મ્યુનિ.કમિશ્નરશ્રી એમ. થેન્નારસન દ્વારા પ્રસંગોચિત ઉદબોધનમાં ગ્રીન બિલ્ડીંગ કન્સેપ્ટ હેઠળ સરકારી બિલ્ડીંગોમાં એનર્જી કન્ઝર્વેશન માટે, પાણીના કરકસરયુકત ઉપયોગ માટે તથા કુદરતી સંપતીઓનું સંવર્ધન અને પર્યાવરણના રક્ષણ માટે આ કન્સેપ્ટના ઉપયોગનું વર્ણન કર્યુ હતુ. કો–ચેરમેન શ્રી સ્નેહલ શાહે તેમના ઉદબોધનમાં ઈન્ડીયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સીલ દ્વારા રાજયના વિવિધ શહેરોમાં તથા અન્ય રાજયોમાં પણ સરકારી, શૈક્ષણિક તેમજ આર્થિક વિવિધ સંસ્થાઓ સાથે સંમેલનો, સેમિનાર વિગેરેનું આયોજન કરી ગ્રીન બિલ્ડીંગ કન્સેપ્ટમાં વધુ અને વધુ લોકો સામેલ થાય તે માટેના કરાતા પ્રયત્નો વર્ણવ્યા હતા.

માન. મેયરશ્રી અસ્મિતાબેન શિરોયાએ તેઓના પ્રાસંગિક ઉદબોધનમાં સુરત મહાગરપાલિકા દ્વારા ટેકનીકલ સ્ટાફ માટે યોજવામાં આવેલ આ તાલીમ દ્વારા શહેરના નગરજનો ગ્રીન બિલ્ડીંગ કન્સેપ્ટથી વાકેફ થઈ તેઓના પોતાના આવાસોમાં જરૂરી ફેરફારો માટે આગ્રહ રાખે અને તેમાં આપણો ટેકનીકલ સ્ટાફ સહાયરૂપ થાય તે આશય આ તાલીમથી પરિપૂર્ણ થાય તેવી આશા વ્યકત કરી હતી.

આ તાલીમમાં સુરત મહાનગરપાલિકાના અંદાજે ૯૦૦ થી પણ વધુ કર્મચારીઓ/અધિકારીઓએ ભાગ લીધો હતો. સુરત મહાનગરપાલિકા નગરજનોને પાણીના ખોટો બગાડ, વિજળીનો કરકસરયુકત ઉપયોગ, શહેરમાં આવેલ બાગ–બગીચાઓની જાળવણી, પ્રદુષણથી પર્યાવરણને થતા નુકસાન સામે રક્ષણ માટે જરૂરી પગલા લેવા અને એ બાબતે સુરત મહાનગરપાલિકાને સાથ સહકાર આપવા આ પ્રસંગે અપીલ કરે છે.





૧૬૨૩

# સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૦૭/૦૧/૧૭** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં હોડી બંગલા થી કતારગામદરવાજા,ખાટકીવાડ,ઢીંગલી ફળીયું,લકકડકોટ,પખાલીવાડ,મેઘવાળ કોલોની જરીભવન,ભરૂચાવાડી જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં પાલનપુર શાક માર્કેટ,ધોયા મોહલ્લો,તળાવ મોહલ્લો,કુભાર મોહલ્લો લુહાર મોહલ્લો,સંતતુકારામ સો.સા.વેજીટેબલ માર્કેટ,પ્રંશાત સોસાયટી.વિ.ર,સરોજી નાયડુ શાક માર્કેટ,હનુમાન ટેકરી,હિતેન્દ્ર નગર જેવા વિસ્તારમાં, ઉધના ઝોનમાં વિકાસનગર,ગણપતનગર,ગણેશનગર,આશીષનગર,અમૃતનગર,ગભેણી ગામ,ગુરૂકૃપા નગર, ઈ.ડબલ્યુ.એસ. આવાસ જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં મદનપુરા શાકભાજી માર્કેટ, શિવાજીનગર,આંબેડકરનગર શાકભાજી માર્કેટ, ઉમરવાડા ટેનામેન્ટ પાસે શાકભાજી માર્કેટ,નવાગામ શાકભાજી માર્કેટ, તુલસીધામનગર, નરોત્તમનગર, ઉમિયાનગર–૨,દિપકનગર ,ડીંડોલી શાકભાજી માર્કેટ ,પ્રિયંકાનગર–૧,૨, પ્રિયંકા ટાઉનશીપ, હળપતિવાસ,પરવટગામ કૃષ્ણ કૃપાની બાજુમાં શાકભાજી માર્કેટ, એકતાનગર, ચંદ્રલોક સોસાયટી, બજરંગનગર વિસ્તારજેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં પાંજરાપોળ,અશોકનગર,ચિલ્ડ્રન પાર્ક,પનાસગામ,આગમ આર્કેડ,૬,૭,૮ ટેનામેન્ટ શાકભાજી માર્કેટ,વી.આઈ.પી.રોડ, એસ.એમ.સી. આવાસ,નાની બજાર, મોટીબજાર જેવા વિસ્તારોમાં,કતારગામ ઝોનમાં નહેરૂનગર,જનતાનગર,રેલરાહત કોલોની કૃષ્ણનગર ગુ.હા.બો.,એચ–૧ આવાસ જેવા વિસ્તારોમાં,વરાછા ઝોનમાં ખારવાચાલ,ધોબીઘાટ,દલિત વસાહત,પટેલનગર, કબીરવાડી, શ્રીજીનગર, કૃષ્ણનગર, શ્રીરામનગર ઝુ., સિલ્વર કેરેટ, ગજાનંદ સો., શ્યામ પેલેસ, શાંતિનગર સો., યોગીનગર જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 35676 | 77205 | 244 | 10582 | 754 | 1962 | 77 | 45500 | 55 | 29041 | 12688 |

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

**૧૬૨૪**

# પ્રેસનોટ સેવાસેતુ

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા.૦૭/૦૧/૨૦૧૭ ના રોજ સવારે ૦૯.૦૦ થી ૦૫ઃ૦૦ કલાક દરમ્યાન કતારગામ ઝોન ઓફીસ, ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,સુરત ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમમાં મ્યુનીસીપલ સદસ્યશ્રી લાલજીભાઈ ઘોરીએ આવકાર પ્રવચન આપતા જણાવેલ કે "સેવાસેતુ" કાર્યકમ થકી લાભાર્થીઓને વિવિધ યોજનાનો લાભ સ્થળ ઉપર જ આપવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું સુવ્યવસ્થિત આયોજન કરી પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં માનનીય મેયરશ્રી અસ્મિતાબેન શિરોયા,ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈ, શહેર ભાજપ અધ્યક્ષશ્રી નીતિનભાઈ ભજીયાવાલા, મ્યુ. કમિશનરશ્રી એમ. થેન્નારસન , શ્રીમતી રંજનબેન સરતાનપરા,અધ્યક્ષશ્રી ગૃહનિર્માણ અને ઉધાન સમિતિ તેમજ મ્યુ. સદસ્યશ્રીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

મ્યુ. સદસ્યશ્રી સોનુબેન આંબલિયાએ આભારવિધી કરતા જણાવ્યું હતુ કે સામાન્ય લોકોને જાણકારીના અભાવે વિવિધ દાખલાઓ મેળવવા મુશ્કેલ પડે છે.લોકોની સમસ્યા દુર કરવા તેમના જ વિસ્તારમાં તેમને યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તેવો સરકારશ્રીનો આ પ્રયાસ ખુબ જ સરાહનીય છે.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા કુલ ૫ક ટેબલ અને ૧૫ કાઉન્ટર ગોઠવી જેમાં દિવસ દરમ્યાન કુલ 3456 લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.



